શ્રી સરસ્વત્યૈ નમઃ!

ગરીબની હાય

[સામાજીક ત્રીઅંકી નાટક]

* તુલસી હાય ગરીબકી કભી ન ખાલી જાય ! *
* મુઆ ઢોરકા ચામસે લોહા ભસ્મ હો જાય ! *

પ્રયોજક: શ્રી. "પુષ્પ"

: પ્રકાશક :

શ્રી નવજુવાન નાટક સમાજ

મૂલ્ય: બે આના

૧૬૭૪૧

બે બોલ

મ્હારાં "દિવ્ય યોગીની" ત્રીઅંકી, "પાંચો પટેલ" તથા "રાવસાહેબ" એકાંકી અને છેવટે "માતૃભૂમિ" ત્રીઅંકી નાટક સ્ટેજ થયા પછી જનસમાજનાં અકલ્પિત ઉત્તેજને પ્રેરાઇ આ ચોથા સામાજીક નાટકનું સાહસ આજ "નવજુવાન નાટક સમાજ"ના ઉત્સાહી શિક્ષિત, સંસ્કારી, અને પ્રતિષ્ઠિત નવયુવાનોનાં એકત્ર બળથી ખેડાઇ રહ્યું છે.

ઉપરોક્ત ખેલો મ્હારી લાંબા સમય પહેલાની કૃતિઓ હોવા છતાં જનતાએ એને અનહદ્ પ્રેમે અપનાવી લીધા છે. જ્યારે પ્રસ્તુત નાટક મ્હારી આજની બંડખોર લેખીનીથી તદ્દન નવીન લખાયલી બહુધા સમાજની એક રાક્ષસી અને રોમાંચક રૂઢી "બાલવૈધવ્ય" સ્હામે પ્રચંડ બળવો જગાડતી. અને જાહેરમાં પ્રતિષ્ઠીત ગણાવાનો દ઼ા કરતા સમાજના પડદા પાછળ પાશવી લીલા ખેલી રહેલા ર જકાલના આબરૂદાર શ્રીમંતોની પોલ ઉઘાડી પાડતી, સામાજીક વસ્તુ ઉપર લખાયલો છે.

આજકાલની નાટક કંપનીઓમાં ભજવાતા ઢંગધડા વગરના ઐતિહાસિક અને સામાજીક ખેલો, તથા તેમાં સારાં ઘરની પતિ–પત્ની, ભાઇ–બ્હેન, વહુ–દીકરી, સાથે બેસી જોતાં શરમાય,–આંચકો ખાય એવા શૃંગાર ને હાસ્યનાં નગ્ન પ્રસંગો, શબ્દો, અને ગાયનો આમાં ન ઘૂસવા પામે એ તરફ ખાસ લક્ષ આપવામાં આવ્યું છે. શ્રી કમાવાની સ્વાર્થી વૃત્તિથી નહિ, પરંતુ લોકોપયોગી સંસ્થાઓને મદદ રૂપ થઇ પડવાની સેવાભાવી વૃત્તિથી સંસ્થાપિત થએલ આ સમાજ તેનું "માતૃભૂમિ" "પાંચો પટેલ" અને "રાવસાહેબ" પછીનું આ ચોથું સાહસ આશાભર્યે હૈયે જનતાને ચરણે ધરે છે!

જનતા એને સાથ–ઉત્સાહ–ઉત્તેજન દે! પ્રભો, એને શુભાશિષ દે!

વાડીફળીઆ પગથીઆ શેરી. } સુરત તા. ૫–૧૦–૩૧ { "પુષ્પ" ગમનલાલ હીરાલાલ બદામી

પાત્ર-પરિચય

[પુરૂષ-પાત્રો]

શ્રીમંતલાલ ... સમાજમાં પૈસાદાર ને પ્રતિષ્ઠિત ગણાતો શેઠીઓ.
રામસીંગ ... શ્રીમંતનો મદદગાર-નોકર
પ્રભાતકુમાર ... ગરીબી ઘર છતાં અમીરી દીલ ધરાવતો યુવક.
પરિમલ ... ... શ્રીમંતને આશ્રયે ઉછરેલ એક ધનવાનનો પુત્ર.
ખાન ... ... લાંચીઓ પોલીસ અમલદાર.
માધવલાલ ... પ્રમાણિક પોલીસ અમલદાર.
સત્યદેવ ... ... નિષ્પક્ષપાતી ન્યાયાધિશ.

[સ્ત્રી-પાત્રો]

નિશા ... ... હિન્દુસમાજથી હડધૂત થએલ યુવાન બાળવિધવા.
ઉષા ... ... શ્રીમંતલાલની આદર્શ પતિવ્રતા પત્ની.
પુષ્પા ... ... પરિમલની માતાપિતાહીન ન્હાની બ્હેન.

—: ઉપરાંત :—

* સિપાઇઓ, સરકારી વકીલ, પ્રેક્ષકો, વિગેરે * સ્થળ: મુંબઇ.

ખાસ નોંધ

કોમીક વિભાગના સાર ને ગાયનોની ચોપડી જૂદી છાપેલી હોવાથી તે પાત્રોનાં નામ તથા તે પ્રવેશોનો ટુંકસાર આમાં આપ્યો નથી.

સુરત-બુરાનપુરી ભાગળ ઉપર આવેલા "ધી મોઢેશ્વર પ્રી. પ્રેસ"માં મણીલાલ ભગવાનદાસે છાપી, અને "શ્રી નવજુવાન નાટક સમાજ"ના મેનેજર મી. એમ. એમ. મીલવાળાએ સૂર્યપ્રકાશ થીએટર-સમાજની ઓફીસેથી પ્રગટ કરી.

ગરીબની હાય

નાટકનો ટુંકસાર

અંક—પહેલો

* પરિમલ- પુષ્પાનું મંગળ- સ્તવન અને વસ્તુ- સૂચન *

પુષ્પ: ૧ સ્થળ: **સરિતા કિનારે.**

હિન્દુસમાજથી હડધૂત થએલી સાસરાના સંતાપથી ત્રાસેલી અભાગીની બાળવિધવા નિશા આપઘાત કરવા આવે છે. સમાજને એના સળગતા પ્રશ્નો:

બાળપણે બાંધી બંધનમાં લલાટ ફોડી કીધી રાંક,
હિન્દુસમાજ પૂછું છું હું કહી દે એમાં કોનો વાંક?

× × × ×

નિર્બળ નાવિક સોંપી કહે છે સમાજ જીવનનૌકા હાંક,
ભરસિન્ધુમાં હોડી ડૂબે એમાં બોલો કોનો વાંક?

× × × ×

સ્નેહવિહોણું શરીર જોડી...વડીલ વાળે આડો આંક,
દીવો લઈને કુવે નાખે દીકરી એમાં કોનો વાંક?

× × × ×

ફરવા આવેલ **શ્રીમંતલાલ** એને બચાવે છે. પુનર્લગ્ન કરી સુખી કરવાની શર્તે સાથે લઇ જાય છે. નાદાન અણસમજુ ભોળી વિધવા ડરતે દીલે પાપને પંથે પહેલું પગલું ભરવા તૈયાર થાય છે.

[પુષ્પ: ૨ કોમીક]

પુષ્પ: ૩ સ્થળ: **શ્રીમંત કોટેજનો બગીચો**

લાખોની મિલકતનો ટ્રસ્ટી બનેલ **શ્રીમંત** હકદાર ભાઇ–બ્હેન **પરિમલ–પુષ્પા**ને હક હજમ કરી તેમને પોતાને આશ્રયેથી કુદરતની દયા ઉપર છોડી દે છે. સંતાઇને સાંભળતી **નિશા**ને **શ્રીમંત**નાં ચારિત્ય માટે શંકા જાય છે, પણ ચાલાક **શ્રીમંત** એને સમજાવી દે છે. બંનેનો પ્રેમ–વિનોદ. ગરીબ **પરિમલ**ની કકળતી આંતરડીની હાય !

ગરીબોના નિસાસા લઈ ચણાવો મહેલ ને માળા,
ઈમારત આંસુઓની એ લગાડે અંતમાં લા'ળા.
કરી કાળાં અને ધોળાં ધને બસ ડુંગરો ખડકો,
પરંતુ લાગશે એમાં અમારી હાયનો ભડકો.
બધાને બાળનારો એ બળીને ખાખ થઈ જાશે,
ગરીબની હાયનો પૈસો બધો એ રાખ થઇ જાશે.

[પુષ્પ: ૪ કોમીક]

પુષ્પ: ૫ સ્થળ: **શ્રીમંતનું દિવાનખાનું**

ગર્ભવતી **નિશા** **શ્રીમંત**ને સત્વર સીવીલ–મેરેજ કરવા કહે છે. **શ્રીમંત** એને પીએરથી પત્નીનાં આગમનનો આવેલ પત્ર બતાવે છે. પોતાને પુનર્લગ્ન કરવાનું વચન આપી અનાચારને પંથે ઉતારનાર **શ્રીમંત** પરણેલો છે, એ જાણતાં **નિશા**ને આઘાત થાય છે. **શ્રીમંત** એને ગર્ભપાત કરી ઘરમાં નોકરડી તરીકે રહેવાની સલાહ આપે છે. **નિશા** બાળહત્યાનું બીજું પાપ કરવાની તેમજ નોકરડીના સ્વાંગમાં રખાત તરીકે રહેવાની સાફ ના પાડે છે, અને એનું આ પાપ જાહેરમાં ઉઘાડું પાડવાની પ્રતિજ્ઞા કરે છે. ીમંત આબરૂ જવાને ધાકે

રામસીંગને એને પકડવા કહે છે. ત્યાં પીએરથી પાછી ફરતી ઉષાદેવી આવી એને બચાવી લે છે. ટેબ્લો.

પુષ્પ: ૬ **શ્રીમંતનો ડ્રેસીંગ રૂમ**

હોસ્પીટલમાં જતા પતિ પાસે વ્હેમાયલી ઉષા પેલી વિધવા બાઇ કોણ હતી? શા માટે આવી હતી? તથા **પરિમલ**– પુષ્પા કયાં ગયા? તેનો ખુલાસો માગે છે. ઉશ્કેરાયલો **શ્રીમંત** એને ધકકો મારી ચાલતો થાય છે. રામસિંગ ધ્રુજતે હાથે પાટો બાંધવા આવે છે. **ટેબ્લો.**

[પુષ્પ: ૭ કોમીક]

પુષ્પ: ૮ સ્થળ: **શ્રીમંત–કોટેજને દરવાજે**

તાવથી તરફડતી બ્હેન **પુષ્પા**ને માટે **પરિમલ** મકાનમાંથી બ્હાર નીકળતા **શ્રીમં**તલાલ પાસે થોડાં પાણીની યાચના કરે છે. **શ્રીમંત** એની દયાજનક હાલત ઉપર અમીરીના અભિમાનમાં હસે છે. ગરીબીના દુ:ખથી ઘેલો બનેલો **પરિમલ** બ્હેનનું ગળું દાબી મારી નાખવા જાય છે, ત્યાં પ્રભાતકુમાર આવી બચાવી લે છે. ગરીબનો બેલી ગરીબ!

પુષ્પ: ૯ સ્થળ: **શ્રીમંતનો પ્રાઇવેટ ઓફિસ રૂમ.**

પ્રભાત **શ્રીમંત**ને ત્યાં સેક્રેટરીની નોકરી સ્વિકારે છે. દરમ્યાન વિધવા **નિશા** ઉષાની મુલાકાતે આવે છે. **પ્રભાત** એને મોઢે એનો કરૂણ ઇતિહાસ સાંભળે છે. ત્યાં સ્નાન કરી **શ્રીમંત** પાછો ફરે છે. **નિશા**ને જોતાં લાલપીળો થઇ જઇ **પ્રભાત**ને એને ઘર–બ્હાર કાઢી મુકવાનો હુકમ કરે છે. **પ્રભાત** મહામુશ્કેલીએ મળેલી નોકરીને ફરજને ખાતર લાત મારી એ નિરાધાર હિન્દુ બ્હેનની વ્હારે ચઢી સાફ ના

સંભળાવે છે. બંનેને ટપાટપી થાય છે. પ્રભાત આજકાલના કહેવાતા એ આબરૂદારનાં ખાનગી ચારિત્ર્ય ઉપર ઢંકાયલો પડદો જનતા સમક્ષ ખુલ્લો કરી બતાવે છે.

જાહેરમાં જે શેઠીઆ પંકાય છે, પૂજાય છે,
આલમ બધી ગુણગાન જેની આબરૂના ગાય છે.
જેની નીતિનો દાખલો ઘર ઘર વિષે દેવાય છે.
વહેવારમાં જે પૂણ્ય-નામો જીભ પર લેવાય છે.
જેને નીતિ ને ન્યાયનાં સ્થંભો જગત્ લોકે કહ્યા,
તે આબરૂ ને ખાનદાનીના નમૂના આ રહ્યા.

પ્રભાત શ્રીમંત પાસે નિશાની ઇજ્જતનો જવાબ માગે છે. શ્રીમંત પિસ્તોલ કાઢી ખૂન કરવા જાય છે, ત્યાં ઉષા આવી વચ્ચે પડે છે.

* ટેબ્લો *

અંક—બીજો

પુષ્પ: ૧ **સ્થળ: રસ્તો.**

ભાઇ-બ્હેન ભીખ માગી રહ્યા છે. પ્રભાત એમને ઓળખે છે. ખાવાનું લેવા ઘરમાં જાય છે. દરમ્યાન શ્રીમંતની સાઇકલ નીચે પુષ્પા છુંદાઇ જાય છે. પરિમલ ખૂનની બૂમ પાડે છે. પ્રભાત તથા પોલિસ અમલદાર ખાન દોડી આવે છે. પૈસાદારનો પક્ષ કરી ખાન શ્રીમંતને વગર જામીનગીરીએ જવા દઇ પરિમલને પાગલ ભિખારી ગણી પરહેજ કરે છે. ઘવાયલી પુષ્પાને સરકારી હોસ્પીટલમાં ખસેડે છે. પ્રભાત પરિમલને તેની તરફથી પોતે સાક્ષી પૂરવા વચન આપે છે.

[પુષ્પ: ૨ કોમીક]

પુષ્પ: ૩ સ્થળ: **શ્રીમંતનું દિવાનખાનું.**

અમલદાર **ખાનનો** જવાબ લઇ **રામસીંગ** આવે છે. યુક્તિથી ઉષા એ વાંચી લે છે. ત્યાં બાળક સાથે **નિશા** પ્રવેશે છે. **ઉષા** સમક્ષ તે પોતાનો હૃદયભેદક ઇતિહાસ રજુ કરે છે. **શ્રીમંત આવી** ચઢે છે. પોતાનાં પાપના પૂરાવા રૂપ બાળકનું ખૂન કરે છે. પતિવ્રતા ઉષા સત્યને ખાતર સ્વામીની વિરૂદ્ધ સાક્ષી આપવા અભાગીની **નિશાને** લઇ ઇન્સાફની અદાલતમાં જાય છે. **નિશાની** કકળતી આંતરડીનો અભિશાપ:

પચાવી પારકી મિલકત બળીને ખાખ થઈ જાશે,
ગરીબની હાયનો પૈસો બધો આ રાખ થઇ જાશે.
ખવાડયું ત્હેં નથી કોઈને ત્હને ખાવા નહિ મળશે,
અને મરતી વખત જોજે પીવા પાણી નહિ મળશે.
અભાગીનીની કકળતી આંતરડીનો શ્રાપ,
યાદ રાખ પોકારશે...એક દિન આ પાપ.

[પુષ્પ: ૪ કોમીક.]

પુષ્પ: ૫ સ્થળ: **ન્યાયમંદિર.**

અમીર વિરૂદ્ધ ગરીબની ફરિયાદ. **પ્ર**ભાતની સાક્ષી છતાં પુરાવાના અભાવે અમલદારના સ્ટેટમેન્ટને આધારે **શ્રીમંતલાલ** નિર્દોષ ઠરે છે. ત્યાં મૃત બાળક સાથે **નિશા** ધસી આવી પોતાનાં બાળકનો ખૂનનો ન્યાય માગે છે. મામલો પલટાય છે. ન્યાયાધિશે સાક્ષી–પુરાવા માગતા ઉષા હાજર થઇ પતિ–વિરૂદ્ધ ગરીબ વિધવા તરફથી સોગંદ ખાઇ સાક્ષી પૂરી પતિને ખૂની જાહેર કરે છે. પુરાવામાં પ્રેમ ખાને લખેલો

જવાબ-પત્ર રજુ કરે છે ન્યાયાધિશ રામસીંગને દંડની, ખાનને બરતરફની અને શ્રીમંતલાલને દશ વરસની સખ્ત સજા કરી તેની તમામ મિલકતનો કબજો ખરા હકદાર પરિમલને સોંપવાનો ચુકાદો આપે છે. શ્રીમંત ફુરકેરાઇને ગોળીબાર કરે છે. નિશાને બદલે ઉષા એનો ભોગ થાય છે. શ્રીમંત છટકી જાય છે. નિશા વૈર લેવા પાગલ બની પૂંઠે દોડે છે. —: ટેબ્લો :—

અંક—ત્રીજો

પુષ્પ: ૧ સ્થળ: **રસ્તો.**

મૃત બાળકનાં છેવટના અગ્નિસંસ્કાર માટે રખડતી વૈરમાં અંધ બનેલી નિશાને સમજાવીને પ્રભાત સાથે તેડી જાય છે.

પુષ્પ: ૨ સ્થળ: **શ્રીમંત-કોટેજ.**

પિતાની મિલ્કતનો કબજો મળવાના ઉત્સવની ઉજવણીમાં પરિમલ પ્રભાતના હાથમાં પોતાની બ્હેન પુષ્પાનો હાથ મુકી સંબંધ ગાઢો બનાવે છે. સર્વે અંદર ભોજન લેવા જાય છે, દરમ્યાન એક બાજુથી રામસીંગ ને બીજી બાજુથી શ્રીમંત બંને છુપાવેલું ધન લેવા આવે છે. શ્રીમંતને હાથે રામસીંગનું ખૂન થાય છે. ગોળીબારનો અવાજ સાંભળતા બધા અંદરથી દોડી આવે છે. ત્યાં ઉત્સવમાં આમત્રંણ આપેલ અમલદાર માધવલાલ મોડા થવાથી પાછળથી આવી પહોંચે છે. શ્રીમંત એમને હાથે પકડાય છે, પણ ચાલાકીથી પિસ્તોલ ઝુંટવી પસાર થઇ જાય છે. ટેબ્લો.

[પુષ્પઃ ૩ કોમીક]

પુષ્પઃ ૪ સ્થળઃ **સ્મશાન**

દિવાની **નિશા** બાળકનાં ખૂનનો બદલો લેવા ઝંખી રહી છે, ત્યાં કંગાલ કરૂણાજનક હાલતમાં પાણી પીવા તરફડીયાં મારતો અને પોલીસોના હાથમાંથી પ્રાણ બચાવવા ન્હાસતો **શ્રીમંત** આવે છે. ઉભયની ઓળખાણ. વિધવાના શ્રાપની ને ગરીબની હાયની યાદ! દયાને માટે હૃદયવિદારક યાચના! દિવાની **નિશાનું** ખડખડાટ હાસ્ય.

પાણી પીવા તલસેછ પણ પાયું નથી ત્હેં કોઈને,
તો ભાગ્યદેવી પાય ત્હારી કહે ત્હને શું જોઈને?
દુઃખી દીલો તુજ પાસથી પાછા ફર્યા'તા રોઈને,
નિર્મળ બનો આજે હવે નિશ્વાસ એના ધોઈને.
જે દાદ દે તેનીજ ઇશ્વર સાંભળે છે દાદને,
કીધા પ્રમાણે પામશો હંમેશ રાખો યાદ એ!

કાતીલ કીનો! વિધવા **નિશાએ** **શ્રીમંતનાં** લોહીથી ધગધગતા હૃદયની આગ બુઝાવવી છેવટ પોલીસ આવી પહોંચતા સરિતાના ઉંડા જળમાં હસતે મોઢે ઝંપલાવી દેવું.

-&&& સીન ટ્રાન્સફર &&&-

"**ઉષાદેવી પતિતાશ્રમ**" પ્રભાત પરિમલ અને પુષ્પો ખુલ્લું મુકી સતીને છેવટની અંજલિ અર્પે છે!

તુલસી હાય ગરીબકી કભી ન ખાલી જાય!
મુઆ ઢોરકા ચામસે લોહા ભસ્મ હો જાય!

સમાપ્ત

ગરીબની હાય

નાટકનાં ગાયનો

અંક--પહેલો

—: શ્રી સરસ્વતી સ્તવન :—

શ્રી દેવી......સરસ્વતી.
કર કરૂણા હે.....ભગવતી !............શ્રી
કાપી કુમતિ...દે તું સન્મતિ (૨)
અમે બાળ ચરણે ત્હારા...વંદીએ...નામી શિશ (૨)...શ્રી
ટાળી તાપો...શાન્તિ આપો...બ્રહ્મકુમારી...માત મ્હારી (૨)
પ્રણુમી શિશુ...શિશ નામી...વંદે દેવી...શારદા...(૨)...શ્રી

પરિમલ-પુષ્પા:— [૨]

અમે એ ભારતના સંતાન,
અમારો દેશ હિંદુસ્તાન.
દિવ્યભૂમિ નંદનવન ભારત...દેવાંશી જયગાન,
આર્યભૂમિના ભડવીરોને...સ્વર્ગ વિષે સન્માન;
સ્વાત્મના સદૈવ જ્યાં બલિદાન...અમે.
સ્વમાન કાજે પ્રતાપ રાણો...રખડયો રાને રાન,
રાજપાટ તજી જંગલ સેવ્યું...છતાં ન છોડી હામ.
ધન્ય એ સાચું સ્વાભિમાન...અમે.
સંપ સ્વતંત્ર અને સાદાઇ ક્યારે પડશે કાન ?
વિજય—દુદંભી કયારે વાગશે ભારતમાં ભગવાન ?
થશે અમ સ્વદેશ સ્વર્ગ સમાન...અમે

નિશા:— માલકોષ [૩] પુ—૧

આંસુ અમારાં દીનનાં લૂછનાર આજે કોણ છે?
ભૂખ્યા જમ્યા એ પ્રશ્ન પણ પૂછનાર અમને કોણ છે?
તરસે મરી જઇએ અમે પાનાર કો પાણી નથી,
મીઠી જીભે બોલાવનારૂં કહો અમોને કોણ છે?
થૂ...થૂ તિરસ્કારે બધા...પણ દાદ કો દેતું નથી,
'રે આવ' સરખો શબ્દ પણ કહેનાર અમને કોણ છે?
રડનાર પર હસનાર આજે લાખ દુનિયામાં હશે,
રડનારની સાથે રડે પણ એક એવો કોણ છે?

શ્રીમંત:— કવ્વાલી [૪] પુ—૩

જ્યાં જ્યાં જુઓ ત્યાં આજે રે...પૈસાની બોલબાલા.
પૈસે ગુલામી કરતા...પૈસે સલામો ભરતા,
પૈસેથી લોક ડરતા રે...પૈસાની બોલ બાલા....જ્યાં
પૈસેથી જ્ઞાની થાતા...પૈસેથી માન પાતા,
પૈસે સહુ પૂજાતા રે...પૈસાની બોલ બાલા....જ્યાં
પૈસો કરે શ્રીમંતો...પૈસો કરે ધીમંતો,
પૈસાથી કીર્તિવંતો રે...પૈસાની બોલ બાલા...જય
પાપો કરાવે પૈસો...પાપો છૂપાવે પૈસો,
પરમાત્માય પૈસો રે...પૈસાની બોલ બાલા....જ્યાં

નિશા-શ્રીમંત:— [૫] પુ—૩

(બસ) તમે એટલેથી મહેરબાની કરજો...મ્હારી પાસે આવશો મા.
બળ્યું! મસ્તી તોફાન નહિ કરજો...ઉહું...શરમાવશો મા...તમે
તમે અરજી અમારી દીલ ધરજો...માથું હલાવશો મા.
એક પ્યાલીની મહેરબાની કરજો...ખાલી ચલાવશો મા...તમે

બળ્યું પાલવડો મૂકો મ્હારો જીવ ગભરાય,
એક પ્યાલી પી જાવ એટલે આરામ થાય.
મ્હારું અમ્મર ચુંથાય જરા ડરજો...જાવ બોલાવશો મા.
તમે આઘેથી વાત નહિ કરજો...મ્હને ગભરાવશો મા...તમે

પ્રભાત:— **કવ્વાલી [૬]** પુ-૮

ગરીબી હાથ જે ઝાલે ન મદ મ્હોટાઇમાં મ્હાલે,
પ્રભુને ઓળખી ચાલે અમીરો હો તો એવા હો !
નિયમ પરમેશના પાળે મળે એમાંજ મન વાળે,
સુખી સાદું જીવન ગાળે ગરીબો હો તો એવા હો !
પ્રભુના નામ પર પ્યારી કરે કુરબાન શ્રી સારી,
છતાંયે હોય સંસારી ફકીરો હો તો એવા હો !
સીતમ સંતોષથી સાંખે મુખે અપશબ્દ ના ભાખે,
ભરોસો રામ પર રાખે ભિખારી હો તો એવા હો!
કરૂણામય સુણી કહાણી ભરે જે આખમાં પાણી,
સખાવતની કરે લ્હાણી દિલાવર હો તો એવા હો !

અંક—બીજો

પરિમલ:— **વાઘેશ્વરી-કવ્વાલી [૭]** પુ-૧

ફૂટે જ્યાં કર્મ પોતાનુ...પછી કયાં હોય કહેવાનું ?
તૂટે શીર દુઃખના પહાડો...રહે શું બાકી રહેવાનું ?
ખીલ્યું એ સર્વ ખરવાનું...થયું ઉત્પન્ન એ મરવાનું,
જીવન આ આંસુડા વેરી...અમારે પૂર્ણ કરવાનું.

: સાખી :

આવ્યા ઉઘાડે હાથ ને જાતું ઉઘાડે હાથ છે,
સારાં નઠારાં કર્મનો ને ધર્મનો સંગાથ છે.
ગત જન્મનાં ફળ ભોગવી દેવું ચુકાવી ચાલવું,
કરણી પ્રમાણે ભાગ્ય પોતાનું બધાએ ભાળવું.
બીજાને રોવડાવો તો...તમારે છેજ રોવાનું,
ન બીજે સ્વર્ગ કે નર્કો...બધું અહીંઆજ જોવાનું-
ન લૂછો અન્યનાં આંસુ...તમારા કોણ લ્હોવાનું?
વિતાડી પાપમય જીવન...પછી પસ્તાઇ ધોવાનું.

ઉષા:— **ધનાશ્રી [૮]** પુ–૩

પ્રભુ! તું થાજે આજ દયાળુ.
સહુ કહે છે ત્હને કરૂણાળુ...પ્રભુ
પામર જનો જે જે ત્હને ભૂલી જગતમાં રાચતા,
પરવા તજી તુજ અંધ અભિમાને પલકભર નાચતા.
પસ્તાય છે પાછળ પછી આંસુ નીચોવી આંખથી,
કરૂણેશ એ ભૂલેને અળગાં કરીશ નહિ પાંખથી.
અંધકારમાં કરી અજવાળું......પ્રભુ

નિશા:— **આશાવરી [૯]** પુ–૩

આંખે આંસુધાર...અમારી આંખે આંસુધાર.
તૂટયો આશા-તાર...અમારો તૂટયો આશા–તાર.
ન્હાની સરખી નાવલડી લઇ...કરતી સરિતા વિહાર,
તોફાને સઢ તોડી નાખ્યો...છવરાયો અંધકાર.
રૂઠયો કરૂણાસાગર કિરતાર...
લૂટયો મમ હૈયા કેરો હાર...અરેરે

નાવડી ડૂબી ને હુંયે ડૂબી...ઉંડા તે જળ મોઝાર,
આ પારે ઘસડાઇ એ (તો)...હું પહોંચી પેલે પાર.
ખૂટયો મ્હારો ધીરજ ભંડાર...
બન્યો મ્હારો ઝેરી સંસાર...અરેરે

અંક–ત્રીજો

નિશાઃ— ભૈરવી–ગઝલ [૧૦] પુ–૧

આશાભરીની આશા કોઇ ફળાવી દેશો ?
આંસુભરી એ યાદી કોઇ બળાવી દેશો ?
દુનિયા છે મ્હારી દુશ્મન કે હું છું એની દુશ્મન,
શું સાચું ને શું ખોટું ? કોઇ જણાવી દેશો ?
કોઇ કહે અમીરી કોઇ કહે ગરીબી,
શામાં મધૂરતા છે એમાં બતાવી દેશો ?
કંગાલને શું રહેવા મ્હેણા સદા જગતમાં ?
બહેતર અગર તો મરવું શું ઠીક કોઇ કહેશો ?
મૃત્યુ વિષે મઝા' છે કે ખૂબ જીવવામાં ?
છે સાર 'પુષ્પ' શામાં ? સમજાવી કોઈ દેશો ?

પ્રભાતઃ— ભૈરવી [૧૧] પુ–૧

ગરીબીમાં બનો ગાંડા...ગરીબીમાં બનો ઘેલા.
ગરીબીને ગુરૂ કરજો...ગરીબીના થજો ચેલા.
અમીરી ત્યાગજો વહેલા...ગરીબી માગજો પહેલા.
ગરીબી જ્ઞાન અઘરાં છે...અમીરી જ્ઞાન છે સડેલાં.

: સાખી :

અમીરો તમારી અમીરી તમને મુબારક હો.
તેમજ અમારી ગરીબી અમને મુબારક હો:
રે! રે! અમીરી છે હળાહળ ઝેરની પ્યાલી.
જ્યારે ગરીબી જાણ પ્રેમામૃતની પ્યાલી.
અઘરો અમીરી પંથ એમાં લાખ મુશ્કેલી,
જ્યારે ગરીબોની દિશા સાદી સીધી સહેલી.
અમીરી એ રુંપદનું ઘર...ગરીબી નમ્રતાનું દર,
અમીરીમાં પછી ઈશ્વર...ગરીબીમાં પ્રભુ પહેલાં

નિશા:— **કાલિંગડા [૧૨]** પુ ✓

સૂનું પિંજર કરી મ્હારૂં ઉડી ગઇ બેરહમ બુલબુલ,
છતાં નિષ્ઠુર નયનેથી નથી આંસુ સરી શકતાં.
જનારા તો જતા રહે છે હૃદયમાં ઘા કરી ઉંડા.
પરંતુ પ્રેમીઓ પાગલ નથી પૂરે મરી શકતા.

× × × ×

શિકારી તીર મારીને જીવન જૂદાં કરે એ તો.
પછી હંસી વિના હંસો નથી મોતી ચરી શકતા.
અનેરી યાદમાં એની વીતે વર્ષો પછી વર્ષો,
છતાં ઉંચે ઉડેલા એ નથી પાછા ફરી શકતા,

× × × ×

જગત જોતું હતું જેને છતાં જે ઝેરથી સૂત,
પછી એ શ્રીમુખે પાછાં નથી અમૃત ઝરી શકતાં.
ભભૂતિ ચોળીને ભટકે સ્મશાને પ્રાણ જઇ પટકે,
છતાં નિજ પ્રિય જનને એ નથી પાછા વરી શકતા.
ખીલ્યું ખરતું ચઢ્યું પડતું સહુ એ 'પુષ્પ' સમજે છે,
છતાં યે મૂર્ખ કે સમજુ નથી ધીરજ ધરી શકતા.

સમાપ્ત